જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.15-16* Issue : 477, 20th February - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦



# The Telegraph

10 YEARS OF **YAMI**
A decade at the movies and bond with Calcutta t2

QUAKE TOLL **11,000**
Many in disaster zone sleep in cars and in streets P2

RBI RATE **HIKE**
Home loans to become dearer P11

OPENING **GAMBIT**
KL or Gill, who will open with Rohit? P12

36 PAGES | CALCUTTA THURSDAY 9 FEBRUARY 2023 ₹ 6.00 | www.telegraphindia.com

## IN BRIEF

### Study: No new Covid variants

NEW DELHI: No new coronavirus variants have emerged during China's recent surge of Covid-19, scientists said on Wednesday, releasing a study that has vindicated Indian researchers who had challenged forecasts of a spillover surge in India.
NATION P4

### Call for CBI probe

LUCKNOW: The Uttarakhand Mahila Manch, a social organisation, has decided to move the Supreme Court seeking a CBI probe into the murder of a receptionist allegedly by a resort owner who is the son of a now-suspended BJP leader.
NATION P3

### BJP walkout

CALCUTTA: BJP legislators shouted slogans, tore up papers and subsequently staged a walkout as governor C.V. Ananda Bose delivered his maiden

## A I

## 56-inch veil of silence on Adani marks 90-minute speech by Modi

OUR SPECIAL CORRESPONDENT

**New Delhi: Prime Minister Narendra Modi spoke for nearly 90 minutes in the Lok Sabha on Wednesday but not once did he utter the "A" word or reply to any of the five questions Rahul Gandhi had asked him on the Adani issue, choosing instead to play the victim by accusing the Opposition of hurling "*gaali*" (abuse) and "*jhoot*" (lies) on him.**

The "A" word, however, kept reverberating in the Lok Sabha as Modi was replying to the motion of thanks on the President's address to Parliament. The Opposition benches, including Rahul, thumped the desk and chanted "Adani, Adani" and "we want JPC" as Modi spoke.

The Treasury benches reacted by chanting "Modi, Modi..." but it led to louder chants of the "A" word from the Opposition members.

Modi sought to be combative and betrayed a sense of arrogance as he tried to shrug off the charges of his association with industrialist Gautam Adani (without taking his name), saying that crores of people who have benefited from the welfare schemes of his government will not believe the "lies and abuses" and that his image won't be dented because he had the "*suraksha kavach*" (protective shield) of the people's trust.

"140 crore *deshwasiyon ka vishwas mera suraksha kavach hai, aapke gaali aur jhooth ke shastra isko bhed nahi paayenge* (The trust of 140 crore Indians is my shield: your abuse and false charges will not be able to dent it)," Modi said. He cited the names of the welfare schemes of his government that provided him with a "protective shield".

CONTINUED ON PAGE 4 ▶

## PARTS OF RAHUL SPEECH EXPUNGED

Speaker Om Birla has expunged several statements made by Rahul Gandhi, who on Tuesday spoke extensively on the Adani issue during the debate on the motion of thanks to the President's address. The pen was run not less than 17 times, striking out words, sentences and paragraphs. The graphic below is a visual illustration that neither purports to reproduce House documents nor be identical to the way the expunctions had been carried out

1 [redacted]
2 [redacted]
3 [redacted]
4 [redacted]
5 [redacted]
6 [redacted]
7 [redacted]
8 [redacted]
9 [redacted]
10 [redacted]
11 [redacted]
12 [redacted]
13 [redacted]
14 [redacted]
15 [redacted]
16 [redacted]
17 [redacted]

## PM stood by friend: Rahul

SANJAY K. JHA

New Delhi: Rahul Gandhi on Wednesday said Prime Minister Narendra Modi chose to defend his friend Gautam Adani even though concerns were raised about national security.

Soon after the Prime Minister finished his reply to the debate on the motion of thanks to the President's address in the Lok Sabha, Rahul told the media: "The Prime Minister didn't answer my questions. He was shell-shocked. I didn't get any answer. I hadn't asked complicated questions. Very simple questions like how many times you travelled together with him (Adani), how many times he met you later..."

Rahul added: "It reveals the truth. There was no promise of inquiry. If he (Adani) is not a friend, Modi could have said, ok, I will order an inquiry. It is about the defence ministry, shell companies are circulating money. The Prime Minister didn't say anything about it. It is clear, the Prime Minister is protecting him (Adani). It's about national security. But I understand why there is no investigation..."

Rahul in the Lok Sabha. (PTI)

CONTINUED ON PAGE 4 ▶



**હાથ થી હાથ જોડો પદયાત્રા - ભિલોડા, અરવલ્લી**

**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૫-૧૬**
**સળંગ અંક : ૪૭૭**
**20, February - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**દેશનાં** સૌથી મોટા ઔદ્યોગિક અને બિઝનેસ ગ્રૂપ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રીતિપાત્ર અદાણી ગ્રૂપ સામે અમેરિકાની રિસર્ચ સંસ્થા હિંડનબર્ગે આક્ષેપોનો ઉપરા છાપરી મારો ચલાવીને જાહેર કરેલા રિપોર્ટના પગલે ભારતમાં એક પ્રકારનો રાજકીય અને આર્થિક ભુકંપ આવ્યો છે. હિંડનબર્ગના રિપોર્ટમાં અદાણી ગ્રૂપ પર કોર્પોરેટ ઇતિહાસમાં સૌથી મોટા ગોટાળાં અને ગેરરીતિઓ આચરવાનો ચોંકાવનારો આક્ષેપ કરવામાં આવતા દેશનું અર્થતંત્ર અને મૂડીબજાર હાલકડોલક થઈ ગયું છે. અદાણીને એસબીઆઇ સહિત સરકારી બેંકોએ જે રીતે કરોડો રૂપિયાની જંગી લોનની લહાણી કરી છે અને એલઆઈસી સહિત સરકારી સંસ્થાઓએ અદાણી ગ્રૂપની કંપનીઓમાં જે જંગી રોકાણો કર્યા છે તે જોતાં એક વાત સ્પષ્ટ છે કે, વડા પ્રધાન અને સરકારની મંજૂરી વગર આ શક્ય નથી અને ખાસ કરીને મોદીજી અદાણી ગ્રૂપ પર ઓળઘોળ છે એ વાત પણ હવે સુસ્પષ્ટ છે માટે જ તો કોંગ્રેસના નેતા રાહુલજીએ સંસદના ફ્લોર પર સાચું જ કહ્યું છે કે- "મોદી મેજિક"ના કારણે ૨૦૧૪માં અદાણી વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં ૬૦૯માં નંબરે હતા તે બીજા નંબરે આવી ગયા હતા.

રાહુલજીએ બરાબર કહ્યું છે કે સરકારે અદાણી ગ્રૂપ માટે રાતોરાત નિયમો પણ બદલી નાખ્યાં હતા. આમ અદાણી આટલા ટૂંકા ગાળામાં કઈ રીતે ટોચ પર પહોંચ્યા ? અદાણી પાછળ કઈ શક્તિ કામ કરી રહી છે ? છેલ્લા ૨૦ વર્ષમાં અદાણીએ ભાજપને કેટલા રૂપિયા આપ્યા છે ? હિંડનબર્ગ રિપોર્ટ પર સરકાર સંસદમાં ચર્ચા કરવા કેમ તૈયાર થતી નથી ? મોદીએ અદાણી મામલે કેમ અક્કળ મૌન ધારણ કેમ કર્યું છે ? આ બધાં પ્રશ્નોના ઉત્તરો મેળવવા અદાણી ગ્રૂપ સામે જેપીસી દ્વારા ગહન અને તટસ્થ તપાસ થવી જોઇએ. અદાણી ગ્રૂપ સામે હવે કડક અને નિષ્પક્ષ માઈક્રોસ્ક્રૂટિની અનિવાર્ય છે.

દરમિયાન ગુજરાત સરકારે જંત્રીદરમાં નોટબંધીની માફક એકાએક રાતોરાત ઝીંકેલા ૧૦૦ ટકાના વધારા સામે રાજ્યભરમાં બિલ્ડરો અને સામાન્ય લોકો સહિત ચોમેરથી ઉગ્ર વિરોધ વંટોળ અને આંદોલનના અલ્ટિમેટમ બાદ રાજ્ય સરકારને ઝુકવું પડ્યું છે અને નવા જંત્રીદરનો અમલ હાલ તુરત મોકુફ રાખીને ૧૫ એપ્રિલથી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. જો કે સરકારે ભલે હાલ અમલ પાછો ઠેલ્યો હોય પરંતુ જે રીતે જંત્રીના ભાવ ડબલ કરી દેવાયા છે અને તેની સીધી અસર જમીન, મકાન, દુકાન અને ફ્લેટના સોદામાં થનાર છે તે જોતા સરકારે નવા જંત્રીદરની સમીક્ષા કરીને તેને વ્યવહારું રીતે તર્કસંગત બનાવવા જોઇએ.

જય જય ગરવી ગુજરાત...

**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**



SOUTH FIRST
TEJASVI BETA, HOW TO OPEN THE EMERGENCY EXIT?
EMERGENCY EXIT
SATISH ACHARYA


MITRON, POORA DESH MERA SAATH KHADA HAI!
50 DAYS
CORRUPTION
BLACK MONEY


भँवरे ने खिलाया फूल,
फूल को ले गया हिंडनबर्ग...
भँवरे ने खिलाया फूल
फूल को ले गया हिंडनबर्ग


ग्रीन ग्रोथ, ग्रीन एनर्जी.. ग्रीन एग्रीकल्चर.. ग्रीन एनवायरमेंट..
बॉयकाट बजट...! इस 'रंग' से मेरी भावनाएँ आहत होती हैं..


AAL IZZ WELL, AAL IZZ WELL---
LIC
SBI
HINDENBURG Vs ADANI


2013
2022
630TH RICHEST PERSON IN THE WORLD
3RD RICHEST PERSON IN THE WORLD

# અદાણી સંકટનો બોધપાઠ : ભારતીય મૂડીવાદ માટે કસોટી




## મોદી સરકારે અદાલતો અને પોલીસની સ્વતંત્રતાનું અવમૂલ્યન કર્યું છે, મીડિયા પણ શક્તિશાળીઓ વિરુદ્ધ પહેલાની જેમ તપાસ શરૂ કરવા માટે હિંમત દાખવતા નથી, અદાણીએ સરકારની એક વખત આલોચના કરતી ટીવી ન્યૂઝ ચેનલને પણ અદાણીએ તાજેતરમાં ખરીદી લીધી છે

**કોર્પોરેટ** માંધાતા ગૌતમ અદાણી માત્ર સાત દિવસમાં જ કદ પ્રમાણે વેતરાઈ ગયા. હજુ થોડા સપ્તાહ પૂર્વે ગૌતમ અદાણી વિશ્વના ત્રીજા નંબરના સૌથી ધનાઢ્ય વ્યક્તિ હતા અને ભારતના સ્વઘોષિત રોકફેલર બની ગયા હતા. ત્યારબાદ શોર્ટ સેલર હિંડનબર્ગ કંપનીના ફાઈનાન્સ સામે કેટલાક ગંભીર સવાલો ઉઠાવ્યા અને રોકાણકારો ભયભીત થયા. તેના શેરોના બજાર મૂલ્યમાં ૧૦૦ અબજ ડોલરનું બાષ્પીભવન થઈ ગયું. ટાઈકૂનની અંગત સંપત્તિમાં દસ અબજનું ધોવાણ થઈ ગયું. આજે આ કંપની પોતાના કરજના ચૂકવણાની જવાબદારી અદા કરી શકે તેમ છે એવું બતાવવા ફાંફા મારીને દોડધામ કરી રહી છે.

બજારોમાં જે રીતે અદાણી ગ્રૂપના શેરોનું પતન થયું તે અનેક સવાલો ઉઠાવે છે. અદાણીની અદમ્ય મહત્વાકાંક્ષા સામે અનેક સવાલો ઊભા થયા છે. ભારતના વડા પ્રધાન અને અદાણીની નિકટના સહયોગી નરેન્દ્ર મોદી પણ રાજકીય રીતે ક્ષોભજનક સ્થિતિમાં મૂકાયા છે. આ સાથે ભારતીય મૂડીવાદ માટે પણ એક અગ્નિકસોટી સમાન સ્થિતિ ઊભી થઈ છે.

અદાણીનું વિશાળ સામ્રાજ્ય લાખો-કરોડો ભારતીયોના દૈનિક જીવનને સ્પર્શે છે. તેઓ ભારતના સૌથી મોટા બંદરો ચલાવે છે, તેના ત્રીજા ભાગના અનાજનો સંગ્રહ કરે છે, દેશના પાંચમા ભાગની પાવર ટ્રાન્સમિશન લાઈનો ઓપરેટ કરે છે અને પાંચમા ભાગની સિમેન્ટ બનાવે છે. અસ્કયામતોના આધારે તેનું સ્થાન ભારતની ટોપ-ટેન બિન-નાણાકીય કંપનીઓમાં હતું અને તેનો ઝડપથી વિકાસ થવાનું અનુમાન હતું.

હવે અદાણી ગ્રૂપના વિકાસની તકો અનિશ્ચિત છે. ૨૪મી જાન્યુઆરીએ પ્રસિદ્ધ થયેલા અમેરિકન શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અદાણી પરિવાર સાથે સંકળાયેલા મોરેશિયસ સ્થિત અપારદર્શી સંસ્થાઓએ અદાણી ગ્રૂપના શેરોની મોટી કિંમતમાં હેરાફેરી અને ગરબડ-ગોટાળાં કર્યા હતાં.

અદાણીએ આ કંપનીના દાવાઓ નકાર્યા હતા, પરંતુ ભયભીત રોકાણકારોને તેમની વાત ગળે ઉતરી નહીં. શેરના ભાવમાં મોટા કડાકા બોલી ગયા અને ફાઈનાન્સિંગની યોજનાઓ ખોરવાઈ ગઈ.

મોદી માટે ભારતના માળખાગત ક્ષેત્રમાં મૂડી રોકાણની યોજનાને પ્રોત્સાહિત કરવા માટે મોટા બિઝનેસગૃહો મહત્વપૂર્ણ છે, પરંતુ અદાણી તેમના માટે અસાધારણ અને અસામાન્ય મહત્વ ધરાવે છે. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતમાં ૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાન મુખ્યપ્રધાન હતા ત્યારે દાયકાઓ પૂર્વે તેમના સંબંધો બંધાયા હતા અને જ્યારે અદાણીએ શરૂઆત કરી હતી. જ્યારે મોદી વડા પ્રધાન બન્યા ત્યારે તેઓ અદાણીના જ વિમાનમાં દિલ્હી ગયા હતા. ત્યારથી અને હિડનબર્ગ રિપોર્ટની પ્રસિદ્ધિ દરમિયાન અદાણીની અંગત સંપત્તિ ૭ અબજ ડોલરથી વધીને ૧૨૦ અબજ થઈ ગઈ.

**અદાણી ગ્રૂપના શેરોના ભાવમાં મોટા કડાકાએ તેમના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સામે અનેક ગંભીર સવાલો ઉઠાવ્યા છે, અદાણી સંકટ બતાવે છે કે સૌથી મોટા ઔદ્યોગિક અને બિઝનેસ ગૃહોની કડક અને નિષ્પક્ષ માઇક્રો-સ્ક્રૂટીની અનિવાર્ય છે**

સરકાર કદાચ હવે અદાણીને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર-સમર્થન આપવા લલચાશે, પરંતુ તે એક મોટી ભૂલ હશે. ભારતમાં અવિરત વિકાસ કેટલીય શરતો અને સ્થિતિને આધિન છે. જો તેની ક્ષમતા સિદ્ધ કરવી હોય તો મોટા બિઝનેસ ગૃહોની નિષ્પક્ષ બારીક તપાસ મહત્વપૂર્ણ રહેશે.

ભારતમાં રસ્તાઓ, પૂલો અને પાવરની જરૂર છે. ૨૦૦૭-૦૯ના વૈશ્વિક નાણાકીય આર્થિક સંકટ પૂર્વેના વર્ષોમાં ક્રેડિટ બૂમથી માળખાગત ક્ષેત્રમાં વિશાળ રોકાણ પ્રોત્સાહિત થયું હતું, પરંતુ કોસ્ટમાં ઓવરરન, તુમારશાહી વગેરેના કારણ પ્રોજેક્ટ્સમાં વિલંબ થયો અને નાણાકીય ખર્ચમાં જબરદસ્ત ઉછાળો આવ્યો. બહુ ઓછાં પ્રોજેક્ટસ સંપન્ન થયા. બેંકો 'બેડ લોન્સ'થી પ્રભાવિત થઈ અને વિકાસ ઠપ થયો.

પીએમ મોદી ભારતને વૈશ્વિક ઉત્પાદનનું પાવરહાઉસ બનાવવા માગે છે, પરંતુ સારા રસ્તાઓ અને ભરોસાપાત્ર વીજળી વગર તે શક્ય બને નહીં. આથી મોટા બિઝનેસગૃહોને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડી રોકાણ કરવા અને સ્થાનિક સપ્લાય ચેઈન વિકસાવવામાં મદદરૂપ થવા સમજાવવામાં આવ્યા. અદાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા અને જેએસડબ્લ્યુ જેવી ભારતની કેટલીક મોટી કંપનીઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉભરતા ઉદ્યોગોમાં આગામી પાંચથી આઠ વર્ષ દરમિયાન ૨૫૦ અબજ ડોલર કરતાં વધુ મૂડીરોકાણ કરવા માગે છે. ભારતમાં ઉત્પાદનક્ષેત્રે સેમસંગ અને ફોકસકેમ સહિતની વિદેશી કંપનીઓને સબસિડી પણ આપવામાં આવી રહી છે.

જો કે વિજેતાઓની પસંદગી કરવાની નીતિ હંમેશાં જોખમ ભરેલી હોય છે અને અદાણી સંકટ એ વાતની ચેતવણી આપે છે કે શું ખોટું થઈ શકે છે. લાઈસન્સમાં તેજી લાવવાની નીતિ પણ પક્ષપાતી બની શકે છે. બીજો ખતરો એ છેકે તમે જે વિજેતાની પસંદગી કરો તે કદાચ પોતાના વચનો પાળવામાં નિષ્ફળ પણ જઈ શકે. અદાણી ગ્રૂપ કહે છે કે તેની પાસે નિર્માણાધીન તમામ પ્રોજેક્ટસ પરિપૂર્ણ કરવા પર્યાપ્ત કેશ છે, પરંતુ તેનું કરજ-પ્રેરિત વિસ્તરણ હવે ચોક્કસપણે ઓછું સક્ષમ છે.

જેટલા સૌથી મોટા ટાઈકૂન એટલું સૌથી મોટું જોખમ. અદાણી એકલા ભારતની ૫૦૦ સૌથી મોટી બિન-નાણાકીય કંપનીઓ દ્વારા મૂડીરોકાણના સાત ટકા માટે જવાબદાર છે. તેઓ દેશના વ્યૂહાત્મક રીતે મહત્વના બંદરોના મુખ્ય સંચાલક છે. તેમની કંપનીએ ગુજરાતમાં સ્ટીલની મિલો અને મુંબઈમાં નવા એરપોર્ટ જેવા ક્ષેત્રમાં ૫૦ અબજ ડોલર કરતાં વધુ મૂડીરોકાણ કરવાનું વચન આપ્યું છે. જો આ રોકાણ મુશ્કેલ બનશે તો ફરી પ્રોજેક્ટસ અધૂરાં રહેશે.

અત્યાર સુધી અદાણી સંકટ પર વડા પ્રધાન મોદીએ મૌન ધારણ કરી લીધું છે. પ્રધાનોએ રોકાણકારોને એવી ખાતરી આપવા પ્રયાસ કર્યો છે કે, ભારતના મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સ સંગીન છે. જોકે તેમણે ભારત

બિઝનેસ કરવા માટે ભરોસાપાત્ર દેશ છે એવું દર્શાવવા માટે હજુ કંઈક વધુ કરી બતાવવું પડશે.

સરકારે આ માટે પક્ષપાતી નીતિ બંધ કરી મોટા બિઝનેસગૃહોની ચકાસણી-તપાસ સઘન કરવી જોઈએ. નિયમનકર્તા સંસ્થાએ અદાણી વિરુદ્ધ જો કોઈ તપાસ ચાલતી હોય તો તેની સ્થિતિ જાહેર કરવી જોઇએ. તેણે મોરેશિયસ સ્થિત રોકાણ કંપનીઓ પાસે પારદર્શિતાની માગણી કરવી જોઇએ કે જે ભારતીય સ્ટોક માર્કેટ કૌભાંડમાં કેન્દ્ર સ્થાને હોય છે.

### લાઇસન્સ રાજથી સાઇલન્સ રાજ

મોદી રાજમાં ભારતનાં મજબૂત 'ચેક્સ એન્ડ બેલેન્સિઝ'નું ઘણી રીતે ધોવાણ થયું છે. મોદી સરકારે અદાલતો અને પોલીસની સ્વતંત્રતાનું અવમૂલ્યન કર્યું છે. મીડિયા પણ શક્તિશાળીઓ વિરુદ્ધ પહેલાની જેમ તપાસ શરૂ કરવા માટે હિંમત દાખવતા નથી. અદાણીએ સરકારની એક વખત આલોચના કરતી ટીવી ન્યૂઝ ચેનલને પણ અદાણીએ તાજેતરમાં ખરીદી લીધી છે.

ભારતને સમૃદ્ધ થવા માટે લાંબાગાળે તેની સંસ્થાઓ એટલી જ મહત્વપૂર્ણ રહેશે જેટલું તેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર મહત્વપૂર્ણ છે. ભારતીયો માટે જેમ ક્લીન પાવર અને લેવલ રોડ્સ મહત્વપૂર્ણ છે તેમ તેમના માટે સ્વચ્છ પ્રશાસન અને એકસમાન તકોની પણ આવશ્યકતા છે. ■

(સૌજન્ય : ધી ઇકોનોમિસ્ટ)




## અદાણીકાંડ ભાજપ સરકારની પોલી સિસ્ટમની પોલ ખોલશે..?




ભારતની રેગ્યુલેટરી બોડીઓ અને બેન્કિંગ સિસ્ટમ રાજકારણીઓના ઇશારે બંદર બાંટ કરી રહી છે અને રેગ્યુલેટરી બોડીઓ આંખે પાટા બાંધી રાખી બેઠી છે એ પણ વિશ્વ સમક્ષ ખુલ્લું પડી જશે.

આવી ત્રીજા વિશ્વના આફ્રિકન દેશો જેવી બનાના લોકશાહીની ઇજ્જત વિશ્વના અર્થકારણમાં રહે નહીં અને ભારતના રેટિંગ એક પછી એક વિશ્વની રોકાણ સંસ્થાઓ ઘટાડતી જશે તો ભારતીય અર્થતંત્રમાં વિદેશી રોકાણ ઘણું ઓછું થઈ જાય જે સરવાળે નુકસાનકારક સાબિત થશે.

હાલ તો ફોલ્ડરોના દિમાગો બંધ છે, એમના આકાઓની જેમ અને ભારત વિરુદ્ધ કાવતરાઓ અને મોદી વિરુદ્ધ કાવતરામાં ખપાવવા નેરેટીવો સેટ કરવા મથશે કેમ કે એ લોકો રિવર્સ ગિયરમાં હવે જઈ શકે એમ નથી. દેશની હાલત આફ્રિકન દેશો જેવી થઈ જશે જો અદાણી કાંડમાંથી હેમખેમ બહાર નહીં આવે તો. હવે આવડું મોટું કૌભાંડ કઈ રીતે કવર-અપ કરવામાં આવે ? એ જોવું ઇન્ટરેસ્ટિંગ બની રહેશે.

# ઇન્દુચાચા એક બહુમુખી પ્રતિભા અને અજેય લડવૈયો...

**ઇન્દુચાચા ભારતના માન્ચેસ્ટર એવા સમૃદ્ધ અમદાવાદના ઓલિયા ફકીર હતા, જયકૃષ્ણ હરિવલ્લભદાસ જેવા સમર્થ ઉદ્યોગપતિ અને એક સમયે અમદાવાદના મેયરને લોકસભા માટેના ચૂંટણી જંગમાં આ ફકીરે હરાવ્યા હતા**

**મહા**ગુજરાતના લડવૈયા અકિંચન જીવનપદ્ધતિના માલિક એવા ઈન્દુલાલ યાજ્ઞિકની આજે વાત કરવી છે. ઈન્દુચાચા તરીકે જાણીતી આ વ્યક્તિમાં એક સાથે અનેક કાબેલિયત સમાઈ હતી. એક પત્રકાર, સ્વાતંત્ર્યસેનાની, લેખક, પોલિટિશિયન, ફિલ્મ મેકર, નાટ્યકારની સાથો સાથ સંસદસભ્ય જેવી અનેક ઓળખ જેમને માટે વાપરી શકાય તે ઈન્દુચાચા ભારતના માન્ચેસ્ટર એવા સમૃદ્ધ અમદાવાદના ઓલિયા ફકીર હતા. જયકૃષ્ણ હરિવલ્લભદાસ જેવા સમર્થ ઉદ્યોગપતિ અને એક સમયે અમદાવાદના મેયરને લોકસભા માટેના ચૂંટણી જંગમાં આ ફકીરે હરાવ્યા હતા.



ઈન્દુચાચાનો જન્મ નડિયાદમાં ૨૨, ફેબ્રુઆરી-૧૮૯૨ના રોજ થયો હતો. નાનપણમાં જ પિતાનું અવસાન થયું. ૧૯૦૬માં નડિયાદમાં જ અભ્યાસ કરી એમણે મેટ્રિક પાસ કરી અને ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ઈન્ટર મીડિયેટ પરીક્ષા પાસ કર્યા બાદ મુંબઈની સેન્ટ ઝેવિયર્સમાં આગળ અભ્યાસ કરી બી.એ. થયા. ૧૯૧૨માં એલએલ. બી. કર્યું. કૉલેજકાળ દરમિયાન એની બેસન્ટથી પ્રભાવિત હતા.

જમનાદાસ દ્વારકાદાસ અને શંકરલાલ બેન્કરની સાથે રહી ૧૯૧૫માં તેઓએ 'યંગ ઈન્ડિયા' નામનું સામયિક શરૂ કર્યું. શરૂઆતમાં વકીલાત કરી અને ત્યારબાદ 'હિન્દુસ્તાન' નામના દૈનિકમાં અગ્રલેખો પણ લખ્યા. ૧૯૨૨માં 'યુગધર્મ' શરૂ કર્યું. ઈ.સ. ૧૯૧૫માં વકીલાત છોડી સમાજસેવામાં જોડાયા અને વચ્ચે તેમણે 'પાવાગઢનું પતન' નામની ફિલ્મ પણ બનાવી. વળી પાછા દેશસેવામાં જોડાયા.

ગુજરાત પ્રાંતિક સમિતિનું બંધારણ ઘડવાનું કામ સરદાર વલ્લભભાઈ પટેલ અને ઈન્દુલાલ યાજ્ઞિકને સોંપવામાં આવ્યું. બંધારણ ઘડાયા પછી સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા. જ્યારે દાદાસાહેબ માવળંકર અને ઈન્દુલાલ મંત્રીઓ બન્યા. ઈન્દુચાચા અને સરદાર વચ્ચે મતભેદો ઊભા થયા. આ સમગ્ર પ્રસંગને પોતાના પુસ્તક 'ગુજરાતની અસ્મિતા'માં વરિષ્ઠ પત્રકાર અને લેખક દેવેન્દ્ર પટેલે કંઈક આ રીતે વર્ણવે છે :

''ઈન્દુલાલ યાજ્ઞિકે કોંગ્રેસ પક્ષનું મંત્રીપદ છોડ્યું હતું, કોંગ્રેસ પક્ષ નહીં. એ અધિવેશનમાં સવિનય કાનૂન ભંગનો ઠરાવ થયો. એ આંદોલનની મુખ્ય જવાબદારી નિભાવવા વલ્લભભાઈ પટેલે જ ઈન્દુલાલ યાજ્ઞિકને આગ્રહ કર્યો. ઈન્દુલાલ યાજ્ઞિકે એ જવાબદારી સ્વીકારી અને જોશભેર દેશમાં ઘૂમવા લાગ્યા, એ આંદોલનને કારણે અંગ્રેજ પોલીસે ધરપકડ કરી. તે પછી યરવડા જેલમાં તેઓ ૧૦ માસ સુધી ગાંધીજીની સાથે રહ્યા. અહીં યરવડા જેલમાં પણ કેટલાંક પ્રશ્નોની ચર્ચા કરતાં ગાંધીજી સાથે તેમને મતભેદ

થયા. કારવાસમાંથી છૂટ્યા બાદ 'યુગધર્મ'માં તેમણે ગાંધીજીને બે પત્ર લખ્યા અને તેઓ ગાંધીજીથી દૂર થઈ ગયા.''

તીખા તેવર અને કામ કરવાની રીતરસમ તેમજ કોઈપણ સંજોગોમાં અન્યાયને તાબે નહીં થવાની ખુમારી ઈન્દુચાચાની ઓળખ રહી હતી. મહાગુજરાતની ચળવળમાં એક સબળ લોકનાયક તરીકે ઉપસેલા ઈન્દુચાચા ગજવામાં ગોળ-ચણા લઈને લગભગ એમના જીવનનાં અંત સુધી એક યા બીજા મુદ્દે સતત આંદોલન કરતા રહ્યા.

**ભાજપનું ઘમાસાણ...**



કેશુભાઈ પટેલ ૧૯૯૫ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જીત્યા અને માર્ચમાં મુખ્યપ્રધાન બન્યા. સુરેશભાઈ મહેતાએ કેશુભાઈ પટેલ હેઠળ પ્રધાન તરીકે સેવા આપી. કેશુભાઈએ ૧૯૯૫માં રાજીનામું આપ્યું કારણ કે, તેમના સાથી શંકરસિંહ વાઘેલાએ તેમની વિરુદ્ધ બળવો કર્યો હતો. એક જમાનામાં બે સગા ભાઈની માફક રહેતા એકબીજા માટે ઊંચો આદર ધરાવતા અને એક થાળીમાં જમતા આ બંને નેતાઓનો ભારતીય જનતા પાર્ટીના વિકાસમાં બહુ મોટો ફાળો હતો. 'બાપુ' તરીકે જાણીતા શંકરસિંહ વાઘેલાની મોટરસાઈકલ પાછળ કેશુભાઈ બેઠા હોય અને બંને જણા મોજમાં પોતાનો પ્રવાસ કરતા હોય એવા દૃશ્યો એ સમયે સામાન્ય હતા.

ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી એ પહેલાં કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા, મકરંદભાઈ દેસાઈ, ચીમનકાકા શુક્લ, સૂર્યકાંત આચાર્ય, ભારસિંહજી ગોહિલ, નાથાકાકા, ડૉ.એ.કે. પટેલ, પ્રહલાદભાઈ પટેલ, અશોક ભટ્ટ અને લેખરાજ બચાણી- આ બધાં ભારતીય જનતા પાર્ટીનું એવું મોવડીમંડળ હતું કે જેમાં ક્યાંક કોઈ વાત પર મતભેદ હોય પણ મનભેદ નહોતો. તે વખતે અન્ય આગેવાનોમાં નરેન્દ્ર મોદી, જેઓ ભારતીય જનતા પાર્ટીના સંઘમાંથી આવેલ સંગઠન મહામંત્રી હતા, તે ઉપરાંત દત્તાજી ચિરંદાસ, અનંતભાઈ દવે, મંગળદાસ પટેલ, હરીન પાઠક, જયેન્દ્ર પંડિત, કાસમભાઈ, નલીનભાઈ ભટ્ટ, ફકીરભાઈ ચૌહાણ, કાનજીભાઈ પટેલ, નારસીભાઈ પઢિયાર જેવા અન્ય નેતાઓ હતા.

ભારતીય જનતા પાર્ટી સાચા અર્થમાં એક કુટુંબ જેવી હતી. નાનામાં નાનો કાર્યકર પણ યોગ્ય માન અને સ્થાન પામતો. સાધનો ઓછા હતાં પણ મન મોટાં હતાં. ત્યાં સુધી કે અટલજી અમદાવાદ આવવાના હોય ત્યારે શ્રી ભોજવાણી (જે નરોડાથી ચૂંટાઈને ધારાસભ્ય બન્યા) અને બીજા એક આગેવાન, એમ બે પાસે એમ્બેસેડર ગાડી હતી, જેમાંની કોઈ પણ એક અટલજી માટે ઉપયોગમાં લેવાતી. કોઈકના ઘરેથી ટિફિન આવતું અને સર્કિટ હાઉસ અથવા કોઈના ઘરે ઉતારો રહેતો. પાર્ટી પાસે સત્તા નહોતી, સાધનો નહોતા પણ એકબીજા પ્રત્યે ભાવ હતો.

સત્તા આવી અને કેશુભાઈનું પહેલું મંત્રીમંડળ માર્ચ મહિનામાં અસ્તિત્વમાં આવ્યું અને શંકરસિંહના બળવાના કારણે ઑક્ટોબર, ૧૯૯૫માં રાજીનામું આપ્યું ને ઘરભેગું થયું. કેશુભાઈ ગયા અને સમાધાનની ફોર્મ્યુલા મુજબ સુરેશ મહેતાએ ઑક્ટોબર, ૧૯૯૫માં મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા. કેશુભાઈની માફક સુરેશ મહેતા મંત્રીમંડળે પણ વર્ષ પૂરું ના કર્યું. સપ્ટેમ્બર, ૧૯૯૬માં વળી પાછું શંકરસિંહ વાઘેલાના જૂથે બળવો કર્યો અને શપથ લીધાના ૧૧ મહિનામાં સુરેશ મહેતાની પોતાની સરકારનું રાજીનામું આપ્યું. શંકરસિંહ વાઘેલાએ રાષ્ટ્રીય જનતા પાર્ટી નામે એક રાજનૈતિક પક્ષ સ્થાપ્યો. ભારતીય જનતા પક્ષથી છૂટું પડેલું આ એક વિભાજક જૂથ હતું. શંકરસિંહ વાઘેલા અને દિલીપ પરીખની આગેવાની હેઠળ સ્થપાયેલ આ પક્ષ પણ લાંબો ના ચાલ્યો અને ૧૯૯૭માં એને વિખેરી નાખવામાં આવ્યો.

### સૌરાષ્ટ્રના બીજા મુખ્યપ્રધાન રસિકભાઈ પરીખ - એક જાંબાઝ વ્યક્તિત્વ

રસિકભાઈ પરીખ એક જાંબાઝ વ્યક્તિત્વ હતું. સૌરાષ્ટ્રનો ત્રીજો ભાગ ગિરાસદારી વિસ્તાર. તે વિસ્તારના ખેડૂતો જમીનના માલિક નહીં. સરકારના ગીરાસ નાબૂદીના નિર્ણયથી ગીરાસદારોના વર્ષોથી ભોગવાતા હિતો જોખમાયા. તેમને આંચકો લાગ્યો.ગીરાસદાર મંડળો અને કેટલાક રાજાઓએ પણ ગીરાસદારી-નાબૂદીના આ પગલાંનો વિરોધ કર્યો. કેટલાક ધાડપાડુઓને-ડાકુઓને ઉશ્કેર્યા. અંગત વેરઝેરના કારણે બહાર નીકળી ગયેલ અને સ્થાપિત હિતોનો હાથો બની ગયેલ ભૂપતની ડાકુગીરીએ માઝા મૂકેલી.

રસિકભાઈને ક્યાંક પણ ધાડ પડવાની ખબર પડે કે તુરત જ તે સ્થળે જવા ઉપડી જતાં. ઘણીવાર તેઓ એકલા જ હોય. સાથે સાદા પોશાકમાં એક પોલીસ હોય. તેઓના મતે સારા કામ માટે પ્રશસ્તિ અને ખોટા કામ માટે દંડ, વહીવટકર્તાઓએ આ માપદંડ ધ્યાનમાં રાખવા જરૂરી છે. તેઓ સ્થળ પર જાય, ધાડનો ભોગ બનેલાઓના કુટુંબીઓને મળે, ગામ લોકોને મળે. વિશેષ માહિતી મેળવે અને વધુ બંદોબસ્તની ગોઠવણ કરે.

ચીત્તલ પાસેના એક ગામડે ધાડ પડેલી. ખબર પડતાં તેઓ ત્યાં ગયા. ખેડૂતોને મળ્યા. ખેડૂતોને રસિકભાઈને જણાવ્યું કે ગીરાસદારી-નાબૂદીનું પગલું બંધ કરો. અમારા માણસો ધાણી ફૂટે તેમ મરે છે, લૂંટ થાય છે. તેના કરતાં અમને જમીન મળે તે વધું સારું છે. ગીરાસદારોને આ જ જોઇતું હતું. તેમને ખેડૂતોમાંથી જ ગીરાસદારી-નાબૂદી સામે અવાજ ઉઠાવવાની ઈચ્છા હતી. ભૂપતની ધાડો પાછળની આ ગણતરી હતી. રસિકભાઈ ભૂપતની હિલચાલ વગેરેની માહિતી મેળવતા. જેમની પાસે માહિતી હોય તેવા માણસોને મળતા.

ચંદ્રશંકરભાઈ શુકલએ એક વખત રસિકભાઈને કહ્યું, ''રસિકભાઈ, તમે આ બધાને આમ મળો છો, પરંતુ એવા લોકો કોઈક દિવસ તમારો જાન લેવાનો પ્રયાસ કરશે તો ? આવું જોખમ શા માટે ?'' તેમણે તેમના ટેબલના ખાનામાંથી રિવોલ્વર કાઢીને બતાવતા કહ્યું કે, ''હું મારા રક્ષણ માટે આ હથિયાર રાખું છું ને ?'' ચંદ્રશંકરભાઈએ કહ્યું : ''તમે હથિયાર કાઢો એ પહેલાં તો સામા માણસે એનું કામ પતાવી દીધું હોય, તમને હથિયાર કાઢવાનો કે વાપરવાનો વખત જ શેનો મળે ?'' અને તેમણે જવાબ આપતાં કહ્યું, ''ચંદુભાઈ, હું રાજયનો ગૃહપ્રધાન છું, જનતાના જાનમાલનું રક્ષણ કરવાની મારી જવાબદારી છે. એ અદા કરતા જાન જવાની પણ તૈયારી રાખવી જોઇએ. એમાં હું કશી પણ ઉણપ ન આવવા દઇ શકું.''

સરદાર વલ્લભભાઈને આ વાતની ખબર પડી. તેમણે રસિકભાઈને જણાવ્યું કે તમારે પોલીસ અધિકારીઓને માર્ગદર્શન આપવાનું હોય, દેખરેખ રાખવાની હોય. આ બધાં પોલીસના કામ તમારે કરવાની જરૂર નહીં, પરંતુ ફરજપાલનના, કર્તવ્યપાલનના કારણે તેમણે કાંઈ ફેરફાર ન કર્યો, તેમની આ રીત ચાલુ જ રાખી.

### જીવરાજભાઈ જેવા દક્ષ અને શાલીન મુખ્યપ્રધાનને કોંગ્રેસ જાળવી ના શકી



ઢેબરભાઈ સૌરાષ્ટ્રના મુખ્યપ્રધાનપદેથી નિવૃત્ત થઈને રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખપદે ચૂંટાયા. રસિકભાઈ પરીખ મુખ્યપ્રધાન બનશે તેમ સૌ ધારતા હતા. રસિકભાઈ એ વખતે દિલ્હી હતા. બળવંતભાઈને ટેલિફોન કર્યો કે ઢેબરભાઈ કોંગ્રેસ પ્રમુખ તરીકે જાય છે. સૌરાષ્ટ્રના મુખ્યપ્રધાન પદ પર તમારો અધિકાર છે તમે અહીં આવો

અને સૌરાષ્ટ્રનું સુકાન સંભાળી લ્યો. બળવંતભાઈએ કહ્યું કે હું અહીં લોકસભાની મહત્ત્વની કમિટીના પ્રમુખ તરીકે કામ કરું છું, તમે ત્યાંનું કામ સંભાળો. અહીં એ નોંધવું જોઈએ કે બળવંતરાય મહેતા સૌરાષ્ટ્રના કોંગ્રેસ કાર્યકરોમાં અગ્રસ્થાને હતા. સૌરાષ્ટ્રની રચના પહેલાં તેઓ ભાવનગરના મુખ્યપ્રધાન હતા. સૌરાષ્ટ્રની રચના થતાં સરદાર પટેલે મુખ્યપ્રધાન તરીકે ઢેબરભાઈની પસંદગી કરી તે બળવંતભાઈએ સહર્ષ સ્વીકારી લીધી હતી.

૧૯૬૦માં ગુજરાતની રચના થઈ. ડૉ. જીવરાજભાઈ મહેતા તેના મુખ્યપ્રધાન. તેમના પ્રધાનમંડળમાં રસિકભાઈ પરીખ અને રતુભાઈ અદાણી પણ ખરા. જીવરાજભાઈના પ્રધાનમંડળને ગુજરાત કોંગ્રેસના મોવડીમંડળ સાથે મતમતાંતરો થયા. ગુજરાત પ્રાંતિક સમિતિના કેટલાક હોદ્દેદારોએ અને તેમના બીજા સાથીઓએ જીવરાજ મહેતા પ્રધાનમંડળ સામે મોરચો માંડ્યો. ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના બાદ વડોદરાની ઓઈલ રિફાઈનરી, જીએસએફસી, અમદાવાદનું આઈઆઈએમ વગેરે સ્થપાયા. ડૉ.જીવરાજ મહેતાએ ગુજરાતના ઔદ્યોગિક વિકાસનો પાયો નાખ્યો અને તેના પરિણામે પાછલા વર્ષોમાં ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ સધાયો.

પ્રજાકીય જનસંપર્ક અને જનતાને સેવામાં પણ નૈતિક મૂલ્યો જાળવવાની મહાત્મા ગાંધીએ સ્થાપેલી પરંપરા આઝાદી મળ્યા પછી થોડો સમય રહી. સમય પસાર થયો તેમ તેમ સત્તાગ્રહણ પછી રાજકારણમાં પડેલા જૂના સેવકો અને કાર્યકરોમાં પણ સત્તાની ખેવના જાગી. તેઓ હોદ્દો હાંસલ કરવાની હોડમાં પડ્યા. સૌરાષ્ટ્રનો વિલય, બૃહદ મુંબઈ રાજ્યની રચના અને તે બાદ ગુજરાતની રચના પછી સૌરાષ્ટ્ર-ગુજરાતે સત્તાની વરવી ખેંચતાણના દર્શન કર્યા અને ગરવી ગુજરાતને યાદ ન કરવા જેવા અનુભવો થયા.

સૌરાષ્ટ્રના પ્રજાકીય જીવનનું ઐક્ય નંદવાયું, વેરવિખેર થયું. સૌરાષ્ટ્રના વિકાસ અને વ્યાપક હિત માટે એક દિવસ રસિકભાઈ અને રતુભાઈ, જીવરાજભાઈને મળવા તેમના નિવાસસ્થાને ગયા અને કહ્યું, ''આ અમારા બંનેના રાજીનામા. અમારા કારણે તમે અને તમારું પ્રધાનમંડળ જાય તે બરાબર નથી, તે ગુજરાતના હિતમાં નથી. અમારા રાજીનામા સ્વીકારી લ્યો.'' જીવરાજભાઈએ જણાવ્યું, ''તમે મારા વિશ્વાસુ સાથીઓ છો. તમારી સામે મને કોઈ ફરિયાદ નથી, હું સાથીદારોને શા માટે છોડું ?'' તેમણે રાજીનામા ન સ્વીકાર્યાં.

પરંતુ આખરે ડૉ. જીવરાજ મહેતાને કોંગ્રેસ પક્ષ તરફથી જ હટાવાયા. તેમના બદલે ગુજરાતના મુખ્યપ્રધાનપદે વરણી પામેલા બળવંતરાય મહેતાની શપથવિધિમાં ડૉ.જીવરાજ મહેતા ઉપસ્થિત રહ્યા અને બળવંતરાય મહેતાને તેમના નવા કાર્યભાર માટે અભિનંદન પાઠવ્યા. આજે છૂટા થનાર હાજર તો નથી રહેતા પરંતુ સામો મોરચો ગોઠવવામાં પડ્યા હોય છે. ■

(સંદર્ભ : અભિજાત રાજપુરુષ : રસિકલાલ પરીખ, લેખક : અરવિંદ આચાર્ય)






# ગુજરાતનું વિકાસ મોડેલ - એક ભ્રમ

## ગુજરાતમાં ૩ લાખ ખેડૂતો ચાર લાખ એકર જમીનમાં જૈવિક ખેતી કરે છે, તેવું ગુજરાત સરકારનું કહેવું છે, પણ કેન્દ્રીય કૃષિ મંત્રાલયે ઘટસ્ફોટ કરતાં કહ્યું કે, ગુજરાતમાં જૈવિક ખેતી કરતાં નોંધાયેલા ખેડૂતોની સંખ્યા માત્ર ૩૩,૮૮૫ છે

**ડબલ** એન્જિનની દાવાવાળી ભરોસાની સરકારને ગુજરાત વિધાનસભામાં ૧૫૬ બેઠકો મળ્યા પછી સત્તામાં આવેલી ભાજપ સરકારમાં હજુ સુધી કોઈ પરિણામલક્ષી કામગીરી થઈ નથી. સરકારની કામગીરી જોતાં એમ લાગે છે કે, ડબલ એન્જિનની સરકારમાં લોકોનો ભરોસો ઓછો થતો જાય છે. તેમના બંને એન્જિન કેન્દ્ર સરકાર અને રાજ્યના એન્જિન જૂના થઈ ગયા છે. તેને ધક્કો મારે તો પણ તે ચાલી શકવાની સ્થિતિમાં રહ્યા નથી. સરકારમાં જી-સમિટ, વિધાનસભા સત્રની તૈયારી અને ઉત્સવપ્રિય યોજનાઓના કારણે પ્રધાનો અને અધિકારીઓની સચિવાલયમાં ગેરહાજરી વધારે જોવા મળે છે. મોટા ભાગે પ્રધાનો અને અધિકારીઓ મિટીંગમાં વ્યસ્ત હોય છે. સ્વર્ણિમ ચેમ્બરોમાં ફાઈલો અટવાયેલી જોવા મળે છે. ઘણી ફાઈલો જિલ્લાની કચેરીઓ કે સચિવાલયના વિભાગોમાંથી ક્વેરી સાથે નીકળી રહી છે.




ગુજરાતને આખા દેશનું મોડેલ સ્ટેટ ગણાવીને- તેનો ખોટો પ્રચાર કરીને, આખો દેશ ગુજરાત જેવો વિકસિત કરવાની ખોટી વાતો કરીને, લોકોને તેમની વાતોમાં ભોળવી તે વાતનો હવે ફુગ્ગો ફૂટી ગયો છે. ગુજરાતમાં ભાજપ સરકાર જૂના પ્રોજેક્ટોને પૂરા પણ કરી શકતી નથી. ગતિશીલ સરકાર- જેટ સ્પીડે વિકાસ કરવાના વાયદા કરતી સરકારની કામગીરી વાસ્તવમાં અત્યંત ધીમી ગતિએ ચાલે છે. વિજય રૂપાણીએ જાહેર કરેલ અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ હાઈવે તેમના કાર્યકાળમાં તો પૂરો ન થયો, પરંતુ ભાજપના હાલના કાર્યકાળમાં ક્યારે પૂરો થશે તે નક્કી નથી. નિર્ધારીત સમય કરતાં વધુ ત્રણ વર્ષ થયાં છતાં હાઈવેના કામો અધૂરાં છે. ૮૬૭ હાઈવેને ૨૦૨૦ માં પૂરા કરવાના હતા. હજી સુધી અડધું કામ પૂરું થયું છે. ગુજરાતમાં નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, કોર્પોરેશનોના રસ્તાઓની હાલત તદ્દન ખરાબ છે, મોટા ભાગના રસ્તાઓ તૂટેલા અને ખાડા પડેલી હાલતમાં છે.

સ્વચ્છ નદીના અભિગમની ડીંગો હાંકવામાં આવી રહી છે. છતાંય નદીઓમાં આજે પ્રદૂષણ યથાવત રહ્યું છે. ઉદ્યોગોના કેમિકલયુક્ત પાણીના કારણે ગુજરાતની નદીઓ પ્રદૂષિત થઈ રહી છે. સેન્ટ્રલ કંટ્રોલ બોર્ડના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૮માં સાબરમતી નદીના પાણીની ચકાસણી કરાઈ હતી. ત્યારબાદ ૨૦૨૨માં આ પાણીની ગુણવત્તા ચકાસાઈ હતી. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કરોડો રૂપિયાના આંધણ પછી પણ ગુણવત્તામાં કોઈ સુધારો થયો નથી. સાબરમતી નદી આખાય દેશમાં પ્રદૂષિત નદીઓમાં બીજે નંબરે છે. ઉદ્યોગોના કેમિકલયુક્ત પાણીને કારણે નદીઓ પ્રદૂષિત થઈ રહી છે.

બોર્ડના રિપોર્ટ મુજબ ગુજરાતમાં ૧૩ પ્રદૂષિત નદીઓ છે. બીઓડીનું સ્તર સૌથી વધુ હોય તેવી નદીઓની સંખ્યા ૬ છે. આ નદીઓના પાણી પીવાલાયક તો ઠીક નહાવાલાયક પણ રહ્યાં નથી. પ્રદૂષણથી નદીઓના પટ સાંકડા થઈ રહ્યાં છે. સાબરમતી નદીમાં બીઓડી (બાયોકેમિકલ ઓક્સિજન ડીમાન્ડ)નું સ્તર ૨૯૨ એમજીએલ જોવા મળ્યું હતું. નદીના પાણીમાં પાંચ દિવસમાં કેટલો ઓક્સિજન ઓગળી શકે તેના આધારે બાયોકેમિકલ ઓક્સિજન ડીમાન્ડ નક્કી થતી હોય છે.

જો સ્તર વધારે હોય તો પાણીને ઓક્સિજનની જરૂરિયાત વધારે છે તેમ દર્શાવે છે. આમ બીઓડીના સ્તર જોતાં ગુજરાતમાં સાબરમતી નદી અત્યંત પ્રદૂષિત છે. સ્વચ્છ નદી અભિયાનના ભાગરૂપે સાબરમતી નદીના શુદ્ધિકરણ માટે અત્યાર સુધીમાં ૩૦૦ રૂપિયાનો ધુમાડો કરાયો છે. છતાંય ગુણવત્તામાં કોઈ સુધારો થઈ શક્યો નથી. ગુજરાતમાં વહેતી સાબરમતી નદીનો ૧૨૦ કિલોમીટરનો વિસ્તાર પ્રદૂષિત થયેલો છે. બે વર્ષ પહેલાં સરકારે નદીના ૧૦ કિલોમીટરના પેચને સ્વચ્છ કર્યો હતો, જે આજે ફરી પ્રદૂષિત થઈ ગયો છે. આના માટે સરકારે ખર્ચેલા ૧૦ કરોડ રૂપિયા પણ પાણીમાં ગયા છે.

ગુજરાતમાં લોકોની નાણાકીય સ્થિતિ કફોડી થઈ ગઈ હોવાથી લોકોને વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે નાણાં લેવા પડે છે. ઘણાં લોકો આ વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરવા મજબૂર બને છે. જ્યારે ફરિયાદો સાંભળવા પોલીસ તરફથી લોક દરબારમાં ખુદ વ્યાજખોરો આવીને બેસી જાય છે. ફરિયાદી ફરિયાદ કેવી રીતે કરે ? વાસ્તવમાં વર્ષ ૨૦૧૧માં વિધાનસભામાં નાણાં ધીરનાર (મની લેન્ડિંગ એક્ટ)નું બીલ પસાર કરાયું હતું. જો આ કાયદાનો સરકારે કડકપણે અમલ કર્યો હોત તો કદાચ આજે ગૃહ વિભાગે વ્યાજખોરોની ફરિયાદ લેવા લોક દરબાર યોજવાની નોબત જ ન આવી હોત.

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પગલાં લેવા રાજ્ય સરકાર બિલકુલ નિષ્ફળ નીવડી છે. ગુજરાતમાં ૧૬૫૭ સ્કૂલો એવી છે કે જે આજે પણ માત્ર એક શિક્ષકથી ચાલે છે. આ ૧૬૫૭ સ્કૂલોમાં કે જે એક શિક્ષકથી ચાલે છે, તેમાં વિદ્યાર્થીઓ કેવી રીતે અને શું ભણતા હશે ? તે મોટો સવાલ છે. ગુજરાતમાં સરકારી સ્કૂલોને તાળાં અને ખાનગી સ્કૂલોને પરવાના અપાઈ રહ્યાં હોય તેવું લાગે છે. દેશના બીજા રાજ્યોની સ્થિતિ આનાથી પણ ખરાબ છે. મધ્યપ્રદેશમાં ૧૬,૬૩૦, મહારાષ્ટ્રમાં ૫,૯૦૬, ઉત્તરપ્રદેશમાં ૮૦૪૦, કર્ણાટકમાં ૭,૮૪૮, ઝારખંડમાં ૭,૨૨૨, આંધ્રપ્રદેશમાં ૧૨,૩૮૬, બિહારમાં ૫,૨૨૭, સ્કૂલો માત્ર એક શિક્ષકથી જ ચાલે છે. બીજા અન્ય રાજ્યોમાં પણ આવી સ્થિતિ છે. કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે ઉઘરાવેલો કરોડોનો એજ્યુકેશન સેસ ક્યાં વપરાતો હશે ?

ખેડૂતોની આવક બમણી કરવાનાં બણગાં ફૂંકવામાં આવતા હતા પણ હકીકત એ છે કે ગુજરાતમાં લાખો ખેડૂતો બેન્કોનાં દેવાં તળે દબાઈ ગયા છે. ખાતર, જંતુનાશક દવા, બિયારણ, ડીઝલ, ખેત મજૂરીના ભાવ બમણાં થતાં ખેડૂત લોન લેવા મજબૂર બન્યા છે. ખેતી કરવી સખત મોંઘી થઈ ગઈ છે. ગુજરાતમાં ખેડૂતોની આત્મહત્યાના આંકડા જોતા કંપારી છૂટી જાય છે. ખેડૂતોની આર્થિક સ્થિતિમાં વધુ સુધારો થયો નથી. ગુજરાતમાં ૫૩.૧૯ લાખ નોંધાયેલા ખેડૂતો છે. જેઓને ખેતી કરવી મોંઘી બનવાથી ખેતી માટે બેંકમાંથી ધિરાણ લેવા મજબૂર બનવું પડ્યું છે.

ગુજરાતમાં ૨૦૧૯-૨૦માં ખેડૂતોએ ખેતી માટે રૂ.૭૩,૨૨૮ કરોડનું ધિરાણ મેળવ્યું હતું જ્યારે ૨૦૨૧-૨૨માં ૩૮,૯૭,૮૦૩ ખેડૂતોએ રૂ.૯૬,૯૬૩ કરોડની લોન લીધી છે. બેંકોમાં ખેડૂતોનું દેવું વધતું જાય છે. એકબાજુ ખેડૂતોની આવક બમણી થશે તેવી બડાઈ હાંકવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ ખેડૂતો દેવામાં ડૂબી રહ્યા છે. પાક નિષ્ફળ ઉપરાંત વધતા દેવાથી ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે.

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી વખતે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે મોદીએ દરેક ગામમાં ૭૫ ખેડૂતો જૈવિક ખેતી કરે તેવું આહ્વાન કર્યું હતું. આ આખીય વાત હવામાં ઉડી ગઈ છે. ઉત્પાદનની લાયમાં ખેડૂતોને જ જૈવિક ખેતીમાં રસ નથી. જૈવિક ખેતીમાં પણ ગુજરાત અન્ય રાજ્યની સરખામણીમાં પાછળ રહ્યું હતું. ગુજરાતમાં ૩ લાખ ખેડૂતો ચાર લાખ એકર જમીનમાં જૈવિક ખેતી કરે છે. તેવું ગુજરાત સરકારનું કહેવું છે પણ કેન્દ્રીય કૃષિ મંત્રાલયે ઘટસ્ફોટ કરતાં કહ્યું કે, ગુજરાતમાં જૈવિક ખેતી કરતાં નોંધાયેલા ખેડૂતોની સંખ્યા માત્ર ૩૩,૮૮૫ છે.

નળથી જળ યોજનામાં સફળતાના દાવા જૂઠા સાબિત થયા છે. ગુજરાતમાં ૭ હજારથી વધુ સરકારી સ્કૂલો 'નલ સે જલ' સુવિધાથી વંચિત છે. આ ઉપરાંત ૧૦૫ સ્કૂલો એવી છે કે જ્યાં શૌચાલય માટેની વ્યવસ્થા હજુ સુધી થઈ શકી નથી. ગુજરાતમાં કુલ ૩૪,૬૯૯ સરકારી સ્કૂલો છે, જે પૈકી ૭૦૦૭ સ્કૂલોમાં નળ થી જળની સુવિધા નથી. દેશના અન્ય રાજ્યોમાં પણ સરકારી સ્કૂલોની ''નલ સે જલ''ની સ્થિતિ અનાથી પણ વધુ ખરાબ છે.

કહેવાતા વાઈબ્રન્ટ ગુજરાતમાં હજુય છેવાડાના માનવી

સુધી યોજનાઓ પહોંચી જ શકી નથી. જેથી ખરા અર્થમાં વિકાસ થયો નથી. આવાસ યોજનાઓનો કેટલાંય લાભાર્થીઓએ લાભ લીધો હશે. આમ છતાંય આજેય ગુજરાતમાં ૧૩ ટકા પરિવારો ઝૂંપડાં અને કાચાં મકાનોમાં રહેવા મજબૂર છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેમાં એવા તારણો રજૂ થયા છે કે ગુજરાતમાં ૩ ટકા લોકો એવાં મકાનોમાં રહે છે કે જ્યાં હજુ સુધી વીજળી પહોંચી શકી નથી. આ કુટુંબો હજુ અંધારામાં જ રહે છે. ઘર ઘર વીજળીની વાતો થાય છે, પણ હજુય કેટલાય પરિવારો વીજળીથી વંચિત છે.

ગુજરાતમાં ઘણો વિકાસ થયો છે તેવા વાતોનાં વડાં કરી મોટો પ્રચાર થાય છે. પણ ગુજરાતમાં ફક્ત ૩ ટકા જ લોકો એવા રહેઠાણમાં રહે છે કે જેમના મકાનમાં તેમના માટે અલાયદો રૂમ છે. મકાનમાં પરિવારના બધાય સભ્યોના વ્યક્તિગત રૂમ હોય તેવા લોકોની સંખ્યા ઘણી ઓછી છે. ૨૦ ટકા પરિવારોના મકાનોમાં સ્વચ્છ શૌચાલયની પૂરતી સુવિધા થઈ શકી નથી. ભાજપે ચૂંટણીમાં દરેક પરિવારને મકાન આપવા વચન આપ્યું હતું, પણ હજુય હજારો પરિવાર આવાસ યોજનાના લાભથી વંચિત છે. ગુજરાતમાં લોકો પાસે રાંધવા માટે ગેસ સિલિન્ડર નથી. ૩૨ ટકા લોકો રાંધવા માટે લાકડાંનો ઉપયોગ કરે છે. સરકારનો દાવો ખોટો છે કે ઉજ્જવલાના માધ્યમથી ગરીબ પરિવારોને લાભ મળ્યો છે.

ગુજરાતમાં મગફળીનો પાક પાંચ-દસ વર્ષ પહેલાં થતો હતો તેના કરતાં બમણો થઈ ગયો છે. જ્યારે સિંગતેલનો ભાવ ઘટવાના બદલે ત્રણ ગણો થઈ ગયો છે. ચાલુ વર્ષે રાજ્યમાં ૪૨.૬૩ લાખ ટન મગફળીનું ઉત્પાદન થવા છતાં સિંગતેલના ડબાનો ભાવ ૨૯૦૦ રૂપિયા થયો છે. પાંચથી દસ વર્ષ પહેલાં ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન ૨૦ લાખ ટન આસપાસ રહેતું હતું.

છેલ્લા નવ વર્ષમાં ૧૨ થી વધુ પરીક્ષાના પેપર લીક થયા છે. પેપક લીકની ઘટના તો જાણે ગુજરાત માટે હવે આશ્ચર્યની વાત રહી નથી. અત્યાર સુધીમાં અંદાજે એક કરોડથી વધુ ઉમેદવારો આ વિવિધ ભરતી પરીક્ષાઓના પેપર લીક થતાં ભોગ બની ચૂક્યા છે.

ઔદ્યોગિક ક્ષેત્રે પીછેહઠ : ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪૩૨ એમએસઇ (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ) એકમોને તાળાં લાગ્યા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૭, ૨૦૨૧-૨૨માં ૪૯૨ અને ૨૦૨૨-૨૩માં ૮૭૩ એમએસઇ માંદા પડતાં બંધ કરવા પડ્યા છે. વર્ષ ૨૨-૨૩ના અરસામાં રાજ્યના રોજના બે થી ત્રણ એકમ માંદા પડતાં તાળાં લાગ્યા છે. નાના અને મધ્યમ કદના આ ઉદ્યોગો ગુજરાતની કરોડરજ્જુ મનાય છે. નાનાં ઉદ્યોગો મોટી સંખ્યામાં લોકોને રોજગારી પૂરી પાડતાં હોવાથી વિવિધ યોજનાઓ હેઠળ સહાય પૂરી પડાતી હોવા છતાં આ સ્થિતિ ઊભી થઈ છે. આજ સ્થિતિ આખા દેશમાં થઈ ગઈ છે. સમગ્ર દેશમાંથી ૨૦૨૦-૨૧માં ૧૭૫, ૨૦૨૧-૨૨માં ૬૨૨૨ અને ૨૦૨૨-૨૩માં ૧૦,૭૬૭ નાના મોટા ઉદ્યોગોને તાળાં લાગ્યાનું સામે આવ્યું છે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર આસમાનને આંબે એટલા દેવામાં ગળાડૂબ છે. જે દેવું ઊભું કરવાની પ્રવૃત્તિ મોદીએ ચાર્વાકનીતિ મુજબ ગુજરાતમાં દાખલ કરી એ જ પદ્ધતિનો છેલ્લા વર્ષોમાં ભારત સરકારે પણ લાભ લીધો છે. એટલે કેન્દ્ર દ્વારા અને ગુજરાત સરકાર દ્વારા બહુ સરળતાથી અર્થતંત્રનો ઉદ્ધાર થાય એવી કોઈ જ શક્યતા નથી. ફૂલગુલાબી આર્થિક વસંત ઋતુના સપના જોવાના બદલે પાનખર ઋતુના ખરતાં પાંદડા જોવાનું જ સ્પષટ દેખાઈ રહ્યું છે. ■

**અને છેલ્લે :** ગુજરાતમાં ૬ થી ૧૮ વર્ષનાં ૧.૪૩ લાખ બાળકોએ શાળાનું પગથિયું જોયું નથી. ● રાજ્યભરમાં સટ્ટા માટે ૬૦ હજારથી વધુ બોગસ બેન્ક ખાતાંનો ઉપયોગ ● ૮ ફેબ્રુઆરી, ૨૩ના રોજ લોકસભામાં... 'નલ સે જલ યોજના'ના ૮ કરોડ લાભાર્થી (૧) ૯ ફેબ્રુઆરી, ૨૩ના રોજ રાજ્યસભામાં પ્રધાનમંત્રી... ''નલ સે જલ યોજનાના ૧૧ કરોડ લાભાર્થી.'' ૨૧ કલાક પછી મોદીના ભાષણમાં ૩ કરોડ જોડાણ વધી ગયા ! ● ગુજરાતની સરકારી-ખાનગી આઈટીઆઈમાં કુલ મળી ૩૫૪૮૨ તાલીમાર્થીઓ ઉત્તીર્ણ થયા હતાં, પણ માત્ર ૯૨ જણાંને જ રોજગારી મળી હતી. આમ, બે કરોડ યુવાનોને રોજગારી આપવાની વાતનો પરપોટો ફૂટ્યો છે. ● રાજ્યની ૧૪,૨૩૦ ગ્રામ પંચાયતોમાં મનરેગા હેઠળ કામગીરી કરીને વર્ષના ૧૦૦ દિવસની રોજગારી મેળવવા માટે એક કરોડ ઓગણીસ હજાર શ્રમિકોએ નોંધણી કરાવી છે. ● શહેરો, સ્ટેશન, રસ્તા, ગાર્ડન, સ્ટેડિયમના નામ આ સરકાર બદલે છે તે રીતે નાણાપ્રધાને 'ટેક્સ'નું નામ બદલીને નવું નામ 'અમૃત યોગદાન' રાખવું જોઇએ.

# પોંઝી બિઝનેસ મોડલ જેવી અદાણી ગ્રૂપની શંકાસ્પદ કાર્યપદ્ધતિ

**બેંકો, આરબીઆઈ અને સરકારે ક્યારેય પણ કોઈ સરકારી બેંકની આવી લોનનું ઓડિટ કરાવવાની સૂચના આપી નથી કે જે અદાણી ગ્રૂપને આપવામાં આવેલ લોનના નિયમો અને શરતોની તપાસના દાયરામાં જઇને તપાસ અને ઓડિટ કરે, શું નાણા પ્રધાન પાસેથી સંસદમાં આ મુદ્દે ખુલાસો માગવો જોઇએ કે નહીં ?**

**અદાણી** ગ્રૂપ પર 'કોર્પોરેટ ઈતિહાસમાં સૌથી મોટા ગોટાળાં અને ગેરરીતિઓ' આચરવાના ચોંકાવનારા આક્ષેપોનો મારો ચલાવનાર અમેરિકાની રિસર્ચ કંપની હિંડનબર્ગનો રિપોર્ટ અત્યંત રસપ્રદ અને લંબાણપૂર્વક છે. આ રિપોર્ટ પર સતત પ્રતિક્રિયા આવી રહી છે અને કેટલીક ચોંકાવનારી ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે.

ભારતના અન્ય કેટલાક બિઝનેસ ગ્રૂપ્સની જેમ અદાણી બિઝનેસ ગ્રૂપ પણ કોઇ પણ પારિવારિક બિઝનેસ મોડલથી અલગ નથી. ગૌતમ અદાણી આ ગ્રૂપના વડા છે. તેમનો પરિવાર, ગ્રૂપના બિઝનેસ માટે આઉટસોર્સ એજન્ટો તરીકે કામ કરે છે અને આ રીતે આ ગ્રૂપના વિકાસમાં પોતાનું યોગદાન આપે છે. જે બિઝનેસ ગ્રૂપનો આર્થિક અપરાધિક ઈતિહાસ જેટલો મોટો હશે, ખાસ કરીને દુનિયાભરમાં એ ગ્રૂપના વિસ્તરણની પણ એટલી જ શક્યતા રહેલી હોય છે.




ગુજરાતના મૂડીવાદીઓનું બિઝનેસ મોડલ પણ લગભગ એક સરખું જ હોય છે. તેમના બિઝનેસની રીતભાતને સમજવી બહુ મુશ્કેલ નથી. જેમ કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) જેવા ઈચ્છુક લેન્ડર્સ પાસેથી લોન લેવાની અને પછી એ લોન ગ્રૂપની અન્ય કંપનીઓ વચ્ચે એલએલપી અને અન્ય ખાનગી કંપનીઓના નેટવર્ક વચ્ચે ગોળગોળ ફેરવતી રહેવી.

ત્યારબાદ લોન દ્વારા મળેલા નાણાંને આ કંપનીમાંથી પેલી કંપનીમાં વખતો વખત જરૂરિયાત મુજબ ફેરવતા રહેવા અને જુદાં જુદાં સમયે (નાણાકીય વર્ષમાં) પ્રત્યેક કંપનીનાં કેશ બેલેન્સ વધારીને શેરની કિંમત વધારતા રહેવી અને પછી ખાસ કરીને એસબીઆઈ અને અન્ય સંસ્થાગત રોકાણકારો પાસેથી વધુ ને વધુ લોનની માગણી કરતા રહેવી અને તેઓ તો નાણાં આપવા બેઠા જ છે.

બિઝનેસ ગ્રૂપની આવક માટે તેમને પણ ગ્રૂપની અન્ય કંપનીઓનો નેટવર્કમાં સામેલ કરી લેવામાં આવે છે અને પછી તેને ગ્રૂપની લિસ્ટેડ કંપનીઓમાં પુનઃ રોકવામાં આવે છે. ત્યારબાદ કરજમાં ડૂબેલા પી એન્ડ એલ ખાતાની ઉપેક્ષા કરવા માટે ઉપરની સાથે જોડીને એક સાથે પી એન્ડ એલ ખાતા તૈયાર કરાય છે અને આવું કરીને રોકાણકારના મનમાં એવો ભ્રમ પેદા કરાય છે કે ગ્રૂપની આર્થિક સ્થિતિ મજબૂત અને સંગીન છે. ગ્રૂપ તેનાં બદલામાં ક્યારેય પણ લોન ડિફોલ્ટ અંગે વિચાર્યા વિના રોકાણકારો, બેંકો પાસેથી વધારાનાં નાણાં ઉઘરાવવામાં લાગી જાય છે. એક રીતે આ એક વિશાળ પોંઝી બિઝનેસ મોડલની જેમ હોય, જેમાં

એકને કંઈક આપવા માટે બીજાને લૂંટવાની જરૂર પડે છે.

આ પ્રકારના બિઝનેસ મોડલ માટે કંપનીઓનાં ઓડિટરની ભૂમિકા એક ૨૩-૨૪ વર્ષની વયના ઓડિટ-કલાર્કથી અલગ નથી હોતી. આ પ્રકારના ઓડિટથી એકાઉન્ટ્સની ખામીઓ અંગે સાચો અને નિષ્પક્ષ અભિપ્રાય મેળવવો સરળ નથી હોતો. આ એક ચિંતાજનક મુદ્દો છે.

**હવે જોઇએ આ પોંઝી કેવી રીતે કામ કરે છે ?**

અત્રે ઉલ્લેખનીય છે કે અદાણી એન્ટરપ્રાઇઝે એસબીઆઈ પાસેથી ૧૦૦ મિલિયન ડોલરની લોન લીધી છે. ત્યારબાદ આ રકમને તે પોતાની બેલેન્સશીટમાં લઈ જાય છે. ત્યારબાદ આ 'સરપ્લસ'ને કાં તો ગ્રૂપ કંપનીઓ અથવા શકમંદ કંપનીઓના પોતાના નેટવર્કમાં પુનર્વિતરિત કરવામાં આવે છે. આ રીતે થતી આવક, તુલનાત્મક રીતે નાની રકમના સ્વરૂપે (જેમ કે ૧૦-૧૫ મિલિયન ડોલર) એડજસ્ટ કરીને જોડી દેવાય છે અને જરૂર પડ્યે અન્ય કંપનીઓના કેશ રેશિયો અથવા સ્ટોકની કિંમત વધારવા માટે કે સ્થિર રાખવા માટે ટ્રાન્સફર કરવા એક રિઝર્વ પૂલ તરીકે પણ કામ કરે છે.

આ રીતનું એડજસ્ટમેન્ટ કે કેપિટલ ટ્રાન્સફર ભારત કે વિદેશમાં એન્ફોર્સમેન્ટ એજન્સીઓના મનમાં કોઇ પણ જાતની શંકા ઊભી કર્યા વગર કરી શકાય છે. જ્યારે કેશ બેલેન્સ કે સ્ટોક વેલ્યૂ વધારવાની જરૂર હોય છે, ત્યારે આ પોંઝી મોડલ અપનાવવામાં આવે છે. આ બિઝનેસ મોડલમાં કરચોરી કે અન્ય આર્થિક અપરાધથી થયેલી આવકને 'કાયદેસર' બનાવવી મુશ્કેલ નથી. નકલી ઈન્વોઇસ બનાવવું, નિકાસ માટે વધારે અને આયાત માટે ઓછી પ્રોડક્ટસના નકલી કાગળો તૈયાર કરવા, આ બિઝનેસ મોડલની એક પદ્ધતિ બની ગઈ છે. આ માટે વેચાણ યોગ્ય પ્રોડક્ટનું ભૌતિક અસ્તિત્વ હોવું પણ જરૂર નથી, માત્ર બધું કાગળ પર બતાવવાનું હોય છે.

એટલે સુધી કે ભારત સરકારની એજન્સીઓ અદાણી ગ્રૂપની કોઇપણ ગરબડ કે ગોટાળાંને પકડી પણ પાડે તો સત્તામાં બેઠેલા અદાણીનાં પેટ્રન્સ કે સંરક્ષકો એજન્સીની તપાસ નિષ્ફળ રહે તે સુનિશ્ચિત કરી લે છે. આખરે તો આ આર્થિક અપરાધથી ખરડાયેલાં નાણાંથી જ શાસક પક્ષ ચૂંટણી પ્રચારનો ખર્ચ ઉઠાવે છે.

જ્યાં સુધી નેટવર્કની અન્ય કંપનીઓને લાગે-વળગે છે ત્યાં સુધી જેટલું ન કહીએ એટલું વધું સારું. આમાંથી મોટા ભાગની કંપનીઓ પાસે કોઈ વેબસાઇટ પણ નથી હોતી અને જેમની પાસે છે તેમાં કાર્યાલય, કર્મચારી જેવી બહુ ઓછી નહીંવત માહિતીનો જ ઉલ્લેખ હોય છે. તેમ છતાં આ સંસ્થાઓને આ બંને રૂપિયાની લોન મળે છે. કારણ કે તેમનાં સર્વે સર્વા ગૌતમ અદાણી છે.

આખરે અદાણી ગ્રૂપ એસબીઆઈ કે અન્ય સરકારી બેંકોની પસંદગીના દેવાદાર કેમ છે ? આવું એટલા માટે છે કારણ કે, માત્ર સરકારી નાણાકીય સંસ્થાઓ જ હોય છે કે જેઓ અમર્યાદ રીતે અસુરક્ષિત શેરોની ગેરંટી પર અનહદ નાણાં ઉધાર આપવા માટે તૈયાર બેઠાં છે.

કોઈ પણ સરકારી બેંક, કરજ આપતી વખતે કંપનીની બેલેન્સશીટ અને પી એન્ડ એલ ખાતા અને તેના યોગ્ય એપ્રાઈઝલને વિસ્તૃત રીતે જોવાની હિંમત કરતા નથી, કારણ કે તેમને નોકરી ખોવાનો વારો આવશે એવો ડર હોય છે અથવા ખોટા આરોપસર તેમને જેલભેગાં કરી દેવાય એવું પણ બની શકે છે. આનું પરિણામ એ છે કે, આ ગ્રૂપના લગભગ રૂ. ચાર લાખ કરોડનાં કરજનો એક મોટો ભાગ અત્યંત ઓછા અને કોઈપણ જાતની સંપત્તિ-મિલકતના આધાર વિના આપવામાં આવ્યો છે. ગ્રૂપની સંપત્તિનું મૂલ્યાંકન કે એપ્રાઈઝલ એ તો માત્ર એક કલ્પના જ છે.

આજે જ્યારે અદાણીનાં શેરોને રૂ.૪૬,૦૦૦ કરોડનું નુકસાન થયું તો કોઈ પણ સરકારી બેંક એવી નથી જે આ ગ્રૂપને ૫૦ ટકા માર્જિનની અપવા કહે. ડર છે કે, ક્યાંક એવું ન થાય કે સત્ય ઉઘાડું પડી જાય અને જનતા સડકો પર આવી જાય અને એસબીઆઈ કે પછી અન્ય કોઇ સરકારી બેંક કે જેમાં પ્રજાનાં ખાતા છે તે બદનામ ન થઈ જાય.

તેથી પણ વધુ રસપ્રદ વાત એ છે કે નાણાકીય સેવા વિભાગ કે નાણા મંત્રાલય અથવા ભારત સરકાર જે તમામ સરકારી બેંકો (તેમના સીએની નિમણૂક, તેમના વાર્ષિક ખાતાને મંજૂરી આપવા અને તમામ ડાયરેક્ટર અને સીએમડી/સીઇઓની નિમણૂક સહિત)નું સુપરવિઝન કરે

છે, તેઓ પોતાની ફરજોનું પાલન કરતા નથી. ખાસ કરી જ્યારે બેંકિંગ અધિનિયમ અનુસાર, બેંકોનું ઓડિટ, કેગ જેની પાસે તમામ વિભાગોનાં ઓડિટની જવાબદારી છે ત્યારે બેંકો કે બોર્ડની એ જવાબદારી નથી કે તેઓ આ પ્રકારની લોન આપતી વખતે સ્પેશિયલ ઓડિટ કરાવે ?

બેંકો, આરબીઆઈ અને સરકારે ક્યારેય પણ કોઈ સરકારી બેંકની આવી લોનનું ઓડિટ કરાવવાની સૂચના આપી નથી કે જે અદાણી ગ્રૂપને આપવામાં આવેલ લોનના નિયમો અને શરતોની તપાસના દાયરામાં જઇને તપાસ અને ઓડિટ કરે. શું નાણા પ્રધાન પાસેથી સંસદમાં આ મુદ્દે ખુલાસો માગવો જોઇએ કે નહીં ?

એ એક સામાન્ય વાત છે કે સ્ટોક દલાલ, શેરોનું ટ્રેડિંગ કરે છે અને પ્રત્યેક શેરના વેચાણ પર સારું માર્જિન મેળવે છે. જેટલી વધુ શેરકિંમત એટલું વધુ તેમનું કમિશન. શું રાજકીય નાણા ભંડોળનો એક ભાગ, આ પ્રકારના અસામાન્ય ગણાય એવા પ્રશ્નો પર મૌન જાળવવા માટે તો રાખવામાં આવતો નથી ને ? ૧૪ વર્ષ માટે સેબી દ્વારા ટ્રેડિંગથી પ્રતિબંધ કરવા છતાં કેતન મહેતા જેવા મેગા સ્ટોક ઓપરેટર, પ્રોક્સીનો ઉપયોગ કરીને પોતાના જૂના ગ્રાહકો (અદાણી જેવા)ને ટકાવી રાખી પોતાના ભારતીય વ્યવસાયને અગાઉની જેવી સુવિધાજનક રીતે લંડનમાં રહીને ચલાવવાનું ચાલું રાખે છે ? ■

# ગૌતમ અદાણીના સંકટગ્રસ્ત સામ્રાજ્ય પર અનિશ્ચિતતાનાં કાળાડિબાંગ વાદળો

**ગૌતમ** અદાણી હુમલા અને પ્રહારોથી સાવ અજાણ નથી. ૧૯૯૮માં આ ભારતીય ઉદ્યોગપતિનું અપહરણ થયું હતું અને કરોડો ડૉલરની ખંડણી વસૂલીને છોડી મૂકવામાં આવ્યા હતા. ૨૦૦૮માં આતંકવાદી હુમલા દરમિયાન તેઓ મુંબઈની તાજ મહલ પેલેસ હોટલમાં હતા અને એક ભોંયરામાં છુપાઈને આખી રાત કાઢી હતી.

અને હવે આ જ ગૌતમ અદાણી એક અલગ પ્રકારના પ્રચંડ હુમલાનો-વ્યક્તિગત નહીં, પરંતુ પોતાના ઉદ્યોગ-સમૂહ અર્થાત્ અદાણી ગ્રૂપ સામનો કરી રહ્યું છે. માત્ર એક જ અઠવાડિયાના ટૂંકાગાળામાં બજારમાં લિસ્ટેડ અદાણી ગ્રૂપની ૧૦ કંપનીઓની માર્કેટ વેલ્યૂમાં ૧૦૮ અબજ ડોલરનું એટલે કે ૫૦ ટકા કરતા વધુ રકમનું ધોવાણ થઈ ગયું. અમેરિકાની શોર્ટ સેલિંગ ફર્મ હિંડનબર્ગે દેશના સૌથી મોટા ઉદ્યોગ અને બિઝનેસ ગ્રૂપમાંના એક એવા અદાણી ગ્રૂપ સામે 'કોર્પોરેટ ઈતિહાસમાં સૌથી છેતરપિંડી' સહિતના ચોંકાવનારા આક્ષેપોનો મારો ચલાવ્યા બાદ ભારતીય શેરબજારમાં અદાણીના શેરો ઊંધા માથે પટકાયા અને સમગ્ર શેરબજારમાં હાહાકાર મચી ગયો અને બજાર હાલકડોલક થવા લાગ્યું દેશના રોકાણકારોના લાખો કરોડો રૂપિયાનું ધોવાણ કરનારા અને ભારતીય મૂડી/શેર બજારમાં અવિશ્વાસનું વાતાવરણ




સર્જનારા અને ગત વર્ષે સપ્ટેમ્બરમાં વિશ્વના બીજા નંબરના ધનાઢ્ય બનવા નજીક પહોંચેલા ગૌતમ અદાણીની સંપત્તિનું એટલી હદે ધોવાણ થઈ ગયું કે તેઓ ''ટોપ ટ્વેન્ટી'માંથી બહાર આવીને સડસડાટ ૨૧માં ક્રમે આવી ગયા.

સંસદ ગૃહમાં કોંગ્રેસના ઉગ્ર અને આક્રમક વિરોધ વચ્ચે સંસદ ગૃહનું સત્ર પણ સ્થગિત કરવું પડ્યું એટલું જ નહીં અદાણીની સંપત્તિમાં ૫૦ અબજ ડોલરથી વધુ ધોવાણ થઈ જતા અને અદાણી ગ્રૂપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસનો ૨.૫ અબજ ડોલરનો એફપીઓ પાછો ખેંચવો પડ્યો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અતિ નિકટ મનાતા અને ગણાતાં ગૌતમ અદાણીના બિઝનેસ ગ્રૂપ સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.

૨૪ જાન્યુઆરીએ હિંડનબર્ગ રિસર્ચે એક રિપોર્ટ રજૂ કરી પોર્ટથી પાવર સ્ટેશન લઈને એરપોર્ટ સુધી પોતાનું એકચક્રી શાસન જમાવવાની પેરવીમાં અદાણી જૂથ પર 'કોર્પોરેટ ઈતિહાસના સૌથી મોટા ગોટાળા'નો આરોપ મૂકતા રમખાણ મચી ગયું. આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડિંગ કરનાર અદાણી બોંડ અને ડેરિવેટિવ્ઝ પર શોર્ટ પોઝિશનના આધારે સ્ટોક્સની હેરાફેરી અને અન્ય નાણાકીય ગેરરીતિઓના આક્ષેપો કર્યા છે. તેની પાછળનો અદાણી ગ્રૂપનો મકસદ અદાણીની લિસ્ટેડ કંપનીઓના શેરોના ભાવોમાં કૃત્રિમ વધારો કરવાનો હતો.

અદાણી ગ્રૂપ માર્કેટની 'મોટી હેરાફેરી' અને 'એકાઉન્ટિંગ ફ્રોડ સ્કીમ'માં સામેલ છે એવા અમેરિકાની આ ફાઈનાન્સિયલ ફોરેન્સિક કંપની હિંડનબર્ગ રિસર્ચના આક્ષેપને થોડા જ દિવસોમાં અદાણી ગ્રૂપે ૪૧૩ પાનાનાં એક રિપોર્ટ

**અમેરિકાની શોર્ટ સેલિંગ ફોરેન્સિક ફર્મ હિડનબર્ગ રિસર્ચના અદાણી ગ્રૂપ પર 'કોર્પોરેટ ઈતિહાસના સૌથી મોટા ગોટાળા'ના આક્ષેપથી અદાણી ગ્રૂપ અને ભારતીય શેરબજાર હચમચી ગયું છે**

દ્વારા રદિયો આપતા જણાવ્યું હતું કે હિંડનબર્ગ રિસર્ચે હકીકતોની તપાસ કર્યા વગર આક્ષેપો કર્યા છે. આ રિપોર્ટ અમુક ખોટી માહિતી અને બદનામ કરવા માટે લગાવેલા આક્ષેપોનું દુર્ભાવનાપૂર્ણ સંકલન છે અને તેના દ્વારા તમામ કાયદાની પૂર્તતા કરવામાં આવી છે. ત્યારબાદ અદાણી એન્ટરપ્રાઈઝિસ કેટલાક મોટા રોકાણકારોને રોકાણ કરવા માટે તૈયાર કરવા સફળ રહી હતી, જેમાં એલઆઇસી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને કેટલીક મોટી અમેરિકન બેંકોનો સમાવેશ થતો હતો. તેમાં ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કંપની એક અમીરાતની કંપનીનો પણ સમાવેશ થતો હતો જેણે ૪૦૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું.

ત્યારબાદ ૧લી ફેબ્રુઆરીએ બપોર બાદ બ્લૂમ બર્ગના રિપોર્ટમાં જણાવાયું હતું કે બેન્ક ક્રેડિટ લુઈસે પોતાના પ્રાઈવેટ બેન્કિંગ ગ્રાહકોને માર્જિન લોન્સ માટે અદાણી કંપનીઓના બોન્ડનો સમાંતર જામીનગીરી તરીકે સ્વીકારવાનું બંધ કરી દીધું છે. આ રિપોર્ટના પગલે અદાણી એન્ટરપ્રાઈઝિસના શેરના ભાવમાં ૩૦ ટકાનું મોટું ગાબડું પડ્યું. અદાણી ગ્રૂપની અન્ય કંપનીઓના શેર પણ ગગડવા લાગ્યા હતા. આથી અભૂતપૂર્વ બજાર સ્થિતિને ધ્યાનમાં રાખીને ગૌતમ અદાણીએ એફપીઓ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી.

હવે શું થશે ? આ અંગે અનિશ્ચિતતા છે. ચિંતિત રોકાણકારોને વિશ્વાસ બંધાવવા અદાણીના અધિકારીઓને વિશ્વભરમાં મોકલવામાં આવ્યા છે. ગૌતમ અદાણીએ ખુદે કહ્યું હતું કે, ''અમારી બેલેન્સશીટ મજબૂત છે. અમારો કેશ ફ્લો મજબૂત છે અને તેથી આ ઈસ્યૂ પાછો ખેંચવાના નિર્ણયની અમારી હયાત કંપનીઓના સંચાલન અને ભાવિ યોજનાઓ પર કોઈ અસર પડશે નહીં.''

જોકે તેમના રાષ્ટ્ર નિર્માણના આયોજનો પર કોઈ અસર પડશે નહીં. એવી અદાણીની વાત ગળે ઉતરે તેવી નથી. ૨૦૨૩ થી ૨૦૨૭ તેમનું વચ્ચે ગ્રૂપ રોકાણ પર ૫૦ અબજ ડોલર ખર્ચશે એવી અપેક્ષા વ્યક્ત કરાઈ છે. તે મુંબઈ નજીક નવા એરપોર્ટનું નિર્માણ કરી રહી છે, ત્રણ સી-પોર્ટ પાછળ ૫ અબજ ડોલર ખર્ચાશે, દક્ષિણ કોરિયાના પોસ્કો ગ્રૂપ સાથે ભાગીદારીમાં ૫ અબજ ડોલરની સ્ટીલની મિલનું નિર્માણ કરનાર છે, પરંતુ આ માટે જંગી મૂડીની જરૂર પડશે. આથી જો અદાણી બોન્ડ પર યિલ્ડ ઊંચુ રહેશે અને શેરના ભાવ નીચા રહેશે, તો જરૂરી નાણા ભંડોળ મળવું મુશ્કેલ બની જશે.

આ ઉપરાંત તેની કંપનીઓમાં રોકાણ કરતા એલઆઈસી, એસબીઆઈ જેવા રોકાણકારો પણ પ્રભાવિત થયા છે. એલઆઈસીના શેરના ભાવમાં ૮ ટકાનો, એસબીઆઈના શેરના ભાવમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. બીજું વસ્તુતઃ કોઈ પણ ભારતીય મ્યુચ્યુઅલ ફંડ અદાણી ગ્રૂપની કંપનીઓમાં મોટો હિસ્સો (સ્ટોક) ધરાવતી નથી.

વિદેશી રોકાણકારો કોઇ ચાન્સ લેવા માગતા નથી માત્ર બે દિવસમાં ગ્લોબલ ફંડસ દ્વારા ભારતીય શેરબજારમાંથી નેટ ૧.૫ અબજ ડોલર પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. આમ ગૌતમ અદાણીના સંકટગ્રસ્ત સામ્રાજ્યનું હવે શું થશે ? આ પ્રશ્નના ઉત્તર પર અનિશ્ચિતતાના કાળાડિબાંગ વાદળો છવાયા છે. ■ (સૌજન્ય : ધી ઈકોનોમિસ્ટ)



**હાથ થી હાથ જોડો પદયાત્રા - ગાંધીનગર**




**કરોડો ભારતીયોના મહેનતની કમાણીની બચતને જોખમમાં મૂકીને બજાર મૂલ્ય ગુમાવતી અદાણી કંપનીમાં રોકાણના વિરોધમાં અમદાવાદ LIC મુખ્યાલય ખાતે ધરણાં - પ્રદર્શન.**

Published on every 5th and 20th every month






















**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીયશ્રી જગદીશ ઠાકોર તેમજ ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા માનનીયશ્રી અમિત ચાવડાની ઉપસ્થિતિમાં ભ્રષ્ટ ભાજપ સતત થતા પેપરફોડીને યુવાનોના સપના તોડી રહી છે, જેની વિરુદ્ધ કોંગ્રેસ પક્ષ દ્વારા "હાથ સે હાથ જોડો" અભિયાન હેઠળ પેપર ફોડનારાઓની હિંમત તોડો યુવાનોના ભવિષ્ય માટે હાથ થી હાથ જોડો - પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું**

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.